કનકતારા નાટક

નાં ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

બુકસેલર્સ—અમદાવાદ

(સર્વ હક સ્વાધીન રાખ્યા છે)

અમદાવાદ.

શ્રી "મુદ્રણકલામંદિર" લિમિટેડ ગાડીઆ.

આવૃત્તિ ૨ જી.   નકલ ૩૦૦૦

કિંમત બે આના.

સંવત ૧૯૫૯   સને ૧૯૦૩

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ સંગ્રહ
[illegible]

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૭૪૪ वर्गांक

पुस्तकनुं नाम ઉભેકલારા જાટકનાં ગારાળો

विषय ६- : २-९

કનક-તારાનાં ગાયનો.

વારાંગનાઓ—(જંગલો ઝીંઝોટી—પંજાબી ઠેકો)

આહા સખા આસને શું ભુપ શોભેરે,
૧ **લી**—કીર્તિ તન ભારીરે, મુગટ મનોહારીરે,
૨ **જી**—છે દુખોના ટાળક, એ પ્રજાના પાળક,
૩ **જી**—જેથી સૌનું મન સુખ બોના લોભેરે   આહા!
૪ **થી**—વિદ્યા વશ જેનરે લક્ષ્મી પણ વશ તેનેરે,
૫ **મી**—સદા તે પાસ સુખ, દુર જાએ તેના દુખ,
૬ **ઠી**—પુન્ય રાણીના પ્રતાપે, ક્યાંય નાર શોભેરે   આહા!

વરેમારણુ— ચીતાળી ચોપાઇ,

અમર રહો રાજાધિરાજ, કરૂં વિનતી આપને આજ,
હું આવતો રસ્તે જ્યારે, લંપટમાંહે લુટ્યો મને ત્યારે,
વળી કીધું કે રાજાને કહેજે તારા, પુત્રી તારી છે જે,
તેને પરણીશ હું નિરધાર, માટે રહેજે ચેતી તૈયાર,

ચંદ્રસિંહ—અરે! પ્રધાનો ધ્યાન આ શું! સાંભળી રહ્યા!
ક્યાં ગયા શસ્ત્રો તમારાં? આ શું સાંભળી રહ્યા!
ક્રૂર તેણે આ ન ખમાય પકડી પાપી લાવો આજ
હરણ કરશે એ તારા મારી 'આ શું સાંભળી રહ્યા'

સેનાપતિ—રજા આપોને સાહેબ અમને, લડવા જાવા દો આ વાર
પ્રધાનજી—એ પાપી લંપટને પકડી, છુંદી છુંદી કરીએ [illegible],
સેનાપતિ—સારૂ સાહેબ એમ કરીશું, છાના નહિ બેસી રહીશું

હુકમ આપનો શીર ચડાવી, એ પાપી જીતવા જઇશુ,

ચંદ્રસિંહ—શાબાશ છે પુત્ર, લડાઇમા પુત્ર, તીર તમે શુરા,

ગયા રણે તાડી તે હાર

ચંડિકા— **દેરખો**

પૈસા પૈસાની ખુબી છેજ ન્યારીરે,

ખુબી છેજ ન્યારીરે, મોહ્યા નર નારીરે, પૈસા૦

પૈસા પેખીને સદ્ગુણી, મુકે મનથી ધીર,

પૈસા માટે ખુન કરે છે, માજા બેહેનનુ વીર, પૈસા૦

પૈસા લાજ મેં પાપીએ બેહાલી ઘુમાવ્યા,

પૈસા પાસે હતો જેનો, તો પ્રાણથી કાઢ્યા પૈસા૦

રત્નસિંહ—(ડાહ્યા કેસ્માન મરચાની ગુજરીયાં- એ રાગ)

તાત વાત કરો મારા સમ છે તમનેરે,

શા વિચાર કેમ મન તેમે લાગ લગાવે તાત૦

ચંદ્રસિંહ—કપટકીધ હુનાનો મરણ પાપીરે,

પકડ્યા ગયુ સૈન્ય આવ્યુ ન અપાપીરે

નજર બગાડી તારા બેનની તે વ્યાપીરે

રત્નસિંહ—આર તો કેર દુષ્ટને હુ જઇ નાખુ કાપીરે,

ધાને લશ્કર ગયુ જદુ લો તડાપીરે

કનકમંજરી—(સદા રહો પાસ પીયુ એ રાગ)

પ્રેમથી પઢોડોને પીયુ પ્રેમથી પોઢડો.

સુગંધમય શાન્ત તારુનો ચડયો ઘોડો, પ્રેમ૦

ધીમે ધીમે ચરણુ ચાપુ, લાવો શીર તાજ,

ચિત્ત ચિંતા ના લહો, માથાજી મહારાજ,

નિદ્રા દેવી ગેરી લક્ષ તેહથી જોડો પ્રેમ૦

નેપથ્થમાં-- ગીતિ

રમઝમ કરતી રજની ભળતી જાગે અધારાથી પુર,
પશુ પખો પ્રાણો ગો, શાન્ત થયા છે નથી સભળાતોસુર.

કનકમંજરી--(સીતાજીના મહીનાનો રાગ)

અરે હાય ! કર્યો શું કોપ પ્રભુ દયાળુ થઇ,
મારા પ્રાણપતી પ્રાણ નાથ લીધા તે કેમ લઇ,
હાય ! કીયા જન્મના પાપ આજે આવી ચડયા,
તેને તજાવ્યા હૃદયના હાર અરેરે આવી નડયા,
હાય આવુ એકાએક દુખ આવી પડયુ મુજપરે,
આ જ્હેર મને ખાવા ધાય આગે આગતી ઝરે

લપટસીંહ--શું શરમાયે પ્રાણુ બની આમ અજાણુ,
કેમ ડરે થઇ સુજાણુ ? કરે કેમ હરખ હાણુ ?
આપુ પ્યારી પ્રેમ લ્હાણુ, પણુ તને પ્રમાણુ,
નેણ ભરી ધીરે નચાવ, ડગ ગ ધરી પાસે આવ
મેળવવા પ્રીત તારી, કરી મેં મહેનત ભારી

તારા--દૂર દુર દુર દુર

દુખી તુ ના કર, પાપી અહીંથી ટળ
કરે ગમે તેવી કળ, પણુ નહી ફાવે છળ,
નાર તુ પરાઇ માન, અગની ચિત્તા સમાન.
શીયળ શુ ચુકુ હુ ? મારૂ તેમાં જાય શુ ?
ગમે તેમ થઇ જાય, ભલે મારૂ શીર જાય,
પણ ધાર્યુ નહીં થાય, ખસ દૂર [illegible]

લપટસીંહ તારા લપટસીંહ તારા

અરે પ્રેમી નાર કર કંઇ વિચાર, પાતું પ્યાલો પ્યાર—ચુપ રહેને ચુપ.
ચુંબન દે તું ઝટ દુર રહતુ શઠ. શાને કરે હઠ, ચુપ રહેને ચુપ,
કરે મુજ અપમાન કેમ કરે હેરાન? માન કાંઇ માન ચુપ રહેને ચુપ
હે ઉતારૂ તોર. જાણ્યુ જાણ્યું જોર, નથી હું કઠોર, ચુપ રહેનેચુપ

રત્નસીંહ—ચાલ જા, દુર થા, પાપી ઝટ નાશીજા,
નજરે જોઉ છું, દુખ આનું શું?
જોતો રહેજે તું, હાર હવે તું—ચલ જા
દુર તું થઇ ગમાર, પીડે આમ નીરધાર,
હવે તને છે કહ્યું!
જા દુર થા દુર પાપી તું, (૨) ચલ જા.

(ક્ષત્રી કલકનો રાગ)

જાગ્યો પ્રપંચ પાપી તારો પુરો—છોડું ન કદી છાલ તારો રે:
હવે બનાઇ આવ્યું છે મારૂ ઉર, ઉતારૂ અભીમાન તારો રે,
નારી બ્હેનને બહુ દે છે દુખ, છોડું૦
તાત માર્યાં નીંદાવશ બાગ મુખ ઉતારૂ૦
હવે નીશ્ચે આવ્યો પાપી તારો કાળ— છોડું૦
ખોળી ખોળી આજે ખેંચ્યા તારા ખાલ ઉતારૂ૦

રાગ—ભરથરીનો

કનકમંજરી—અરેરે પ્રભુ હવે શું થશે! પડ્યું દુખ અપારજી,
આ પાપીને કબજે પડ્યા, બંને બાળ આ વારજી
દૈવ ગતિ આ શી થઇ?

તારા—સમજુ વ્હાલા મારા માતજી રૂદન કરે શું આપજી,
દુશ્મન દુખ દે છે અતી, મન તેથી મુંઝવજી,

ધીરજ ધરો મારી માતજી.

રત્નસીંહ—માતને બ્હેનનુ દુખ આ, મુજથી ન ખમાયજી,

પ્રભુ આવી બચાવજો, ઇચ્છુ આપની સહાયજી

ધીરજ ધરો મારી માતજી,

કનકમંજરી—પીતા તારા પરલોકમા, પડયા પ્રધાનો કેદજી.

કોણુ ક્ષણુ કરે આ સમે, ઉપજે અંતર ખેદજી.

દૈવ ગતી આ શી થઇ?

તારા—સુખનો સુરજ આથમ્યો. આવી દુખની રાતજી,

તણાયા તેની ઉધમા, નહી બચવાની વાતજી,

ધીરજ ધરો મારિ માતજી.

રત્નસીંહ—હાય! પડયો હુ કેદમાં નથી અવર ઇલાજજી,

જોવુ પડે માત બ્હેનનું, દુ:ખ તેથી થાય આજજી,

ધીરજ ધરો તમે માતજી

કનકમંજરી—વેરી વિધાત્રી શુ આ થઇ, આવા માડયા કાલેખજી,

તારા—ટાળી કાંઇ ટળે નહી તેમાની એક રેખજી

રત્નસીંહ—ધીરજ ધરો મારી માતજી

કનકમંજરી—(સદા રહો પાસ પીયુ એ રાગ)

ધરને દયા તુ ભાઈ ધરને દયા,

માર નહીં અમને ભાઇ ધરને દયા

આપીએ પોશાક અને આ હીરાનો હાર, ધરને૦

વિચાર તારા મનમા, વાત લગાર,

રેશું નહીં અહીં અમે જાશું વન વણા. ધરને૦

રત્નસીંહ—દુખ હારી, કરો સહાય અરજ મારી,

મુજને બાળક ધારી, હયોને આપ ઉગારી,
સુખકારી ભારી, સંકટ સંહારી, કરે
હા-ગુ-હે-વા પ્રેમ કરીને હર્ષ ભરીને ઠામ કરીને.
આશ ધરીને પ્યારી કરો સહાય અરજ મારી
નમુ નીરંજન પાય પડીને
દયા હીન લાગી શુર, પીડે અમને પાપી ક્રૂર,
બચાવ જગદાધાર આવાર ચડીને. નમુ૦
કપટે માર્યા મારા તાત, બ્હેન ઉપર કરે ઉતપાત,
કેદ કરી વ્હાલી માત, મારી પણ કરે ઘાત,
હાય ! થાય આ શી વાત
કૃપા કરો અરજ ધારી કાપો કષ્ટ કરીને. નમુ૦

કનકમંજરી રત્નસીંહ-માઢ

પડયા ફસાઈ હાય આવા ક્રૂર કાળથી
આ હૃદય ફાટી જાય આવા ક્રૂર કાળથી, પડયા૦
તાત મારી, બ્હેન પ્યારી, કરી એને કેદ,
વળી મારે છે અહો મને, તેનો થાયે ખેદ. પડયા૦
પાપીને પણ દીલ દયા નથી આવતી,
આપુ પ્યારો પોશાક મારો ભેટ ભાવથી પડયા૦

રત્નસીંહ--આવુ જલ્દી ધીરજધારી રહો માતા અહી મારી (૨)
વાઘ છલાગ તાકી રહયો, કરી આખ્યો લાલ,
મારૂ તેને ત્યા જઈ, આવુ પાછો હાલ;
થવા બેઠી છે ખુવારી, માટે પ્રભુનુ ધ્યાન ધારી, આવું૦

કનકમંજરી-રે હાય ! હાય ! શુ મને મૂકી અહી જશો ?

અરે'ર નનગાય હાય ! શી ગતી થશે ?
વાઘ સાથ બાથ બેટા શીદ તું ભરે ?
મુકને ગમત પ્રાણ, દુખ બહુ થશે ?

રતનસીહ-હવે પ્રભુ થયો લાચાર.

બળતું અતર દાઝુ શુ થાય દુખ અપાર હાય-હાય-હાય હવે
તાત મારા સ્વર્ગે ગયા, બ્હેની પડી છે કેદ.
દુ.ખને દરીયે ડુબુ હુ પ્રભુ શો છે તેનો ભેદ
ગમ તેની પડતી નથી રે વિશ્વાધાર, હાય હાય-હાય હવે.

કનકમંજરી **મારવાડી લાવણી**

ઇશ આવુ દુઃખ કયા ભુંડી દેશો, કયારે આપ શરણુ લેશો.
વ્હાલો પુત્ર પડ્યો વિખુટો, નહિ તેનો કંઇ સંદેસા. ઇશ.
એકલી અહીં અમુઝાઉ, ગુન્હો એનો કર્યો મેં શો, ઇશ.

લંપટસીંહ—હવે આપ રેઠાણ, ચાલો યારો, હવે આપ રેઠાણ,
વિમળપુરીન આને કનકસિહ, બહોત કરેગા હેરાન. ચલો.
બડા બહાદુર બકા હો હવે, પકડકર લેગા જાન, ચલો.
મજબુત બનસે તરકુ કસી, લાના કરેગી તોફાન, ચલો

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો

કનકસીહ **સોરઠો**

વિમળા પુરીમા વસંત રે, કનકસીહ કીર્તી ગુણવતા ટેક૦
વિરસીંહના વંશે પ્રગટયા, નાંહ સગે મચતારે કનક૦
સસરા તમારાનુ ખુન કર્યું છે લંપટ વન વસત રે. કનક૦

તારા તમારી કેદ પડયા છે, આવજને વેગે ધસતારે કનક૦

કનકસીંહ **(ક્ષત્રી કલકનો રાગ)**

અરે હવે કેમ વિલબ થાય કનક કેમ બેશી રહેરે.
વાચી પત્રીકા ચીંતા અતી થાય. કનક
નીચ લંપટ લુટારાની જાત કનક૦
તેને કર્યો અરે શો ઉતપાત. કનક૦
પુરા કરી એ પાપીને લાવું નાર, કનક૦
ત્યારે અન્ન અહીંનુજ જમનાર કનક૦
જે યોદ્ધા હોય શુરે મલમસ્ત કનક૦
ગોપો પ્યાગ પીતા મારે હસ્ત કનક૦

દાસીઓ **બરવો દાદરો**

બોલો જોધબા, બોલો જોધબા
થાકયારે તોબા, થાકયારે તોબા, બોલો
સમજુ હો ડાહ્યા વિશેષ નીતીમાંય
હસવુ તમારે મન જાય અમ જાન. બોલો.
આ જ સુજયુ બેન તમને આશું તોફાન
હાર્યા હારયા હારયા અમે જીત્યા સુજાણ બોલો.

જોધબા **ઇંગરેજી**

પાપી કેદ કરી લઈ જાયે મને,
થરથર કપુ આવા વિકટ વને, પાપી.
પગે પડી તારા કરૂ વિનતી.

લંપટસીંહ—ચુપ ! બક બકારો છોડ
જોધબા—દયા તુ દિલ દુસ્ટ લાવી જરી.

લંપટસીહ—છટ માથું નહી ફોડ

જોધબા—મ્હેલમાં મારા વીના થશે કળા હોળ.
માતા પીતાજી મેળવવાને કરશે ખોળા ખોળ.

રત્નસીહ—(દરશન વીના અંખીયાં તરસ રહી એ રાગ)

હાય? હાય મારી કયાં ગઇ,
મા કયાં ગઇ, નથી તેતો અહી; હાય૦
વાઘની પુઠે ગયો મારવા,
એટલામા શુ ગેબ થઇ. હાય૦
ધીર દેનારી, પ્રાણુથી વ્હાલી
રહીશ હવે હુ કયારે જઈ. હાય૦

કનકમંજરી— આશાવારી

પુત્ર માહારા કયાં હશેરે તુ પ્રાણુથી પ્યારા,
વન મહી તારૂ થશેરે શુ પ્રાણુથા પ્યારા. પુત્ર૦
લાડવાયા લાલ મારા, ખોળુ તને વન,
નથી પડતુ નજરે કોઇ, જતુ પ્રાણી જન,

રત્નસીહ—

આવો માતુ ઇશ્વરે મેળવ્યાં, મહેર કરીને અપાર;
લઇયે વિશ્રાતી વડતળે, પેલો છે જે ઘટાદાર.

અંક બીજો સમાપ્ત

અંક ૩ જો

લપટસીંહ-(ગીરધારીરે વાત કહુ તે વીચારો એ રાગ,)

રંગીલીરે, હવે શોક તજી દે, પ્રાણ પતિ ઝટ મુખે કે,
હસી વસીરે, સુખે મુજ સંગેરે, જે જોઇએ મ ગી લે;
ઝુલ—આ તન મન ધન છે તારૂરે ! વ'વરતા નથી વદનારૂરે
માટે માની કહ્યું મારૂરે ખુશીથીરે પ્યારી એક ચુંબીદે. પ્રાણપતિ
તારા-આઘો જાનેરે, વળગ નહી પાપીતુનથી શરમ તને આવતીશુ
અભાગીરે, ફોકટ દુખી કરે શુ ? ફટ તારી જાતને છે શુ.
ઝુલ-નથી લાજ જેના મનમારે, તે વગોવાયે જનમારે.
પડી ધુળ તેના તનમારે, ધિક બોલે છે આ તે શુ નથી
લપટસીંહ-બેસ જાણ્યુ રે ડાહાપણ્ નેતારૂ માનતી નથી કહ્યુ મારૂ
ત્યારે જોજેરે થાય હવે તે તરૂ, તારૂ જોર તોર ઉતારૂ,
ઝુલ-ઉંચે ઝાડે ટાગી તનેરે, મગાવુ સીપાઇ કનેરે,
ત્યાર થશે વશ મનરે તે પેહલારે સુરખી તુ માનીદે. પ્રાણ,
તારા— હજુ પાપીરે, વદજે વેણ વીચારા, નહિતો ખુવારી તારી
થશે નકીરે અને અતિ દુખકારી ત્યારે આવશે મગજ સારો.
ઝુલ—તું કહે છે કોને પ્યારિરે, કાપી નાખીશ જીભજ તારીરે,
નથી જોઈ આ કટારિરે, માટે સમરીલે પ્રભુને પાપી તુ નથી.

લપટસીહ—(જોધણાને)

કેમ તારોરે, મરજી શીખે એને, જેમ કેદ કરીને એને,
તેમ પાપીરે, મારીશ સાથે એને નહી છોડુ કદી એકેને,
ઝુલ—તુનો દોસેજે પ્યારો એને તો કરી મુરખાઇરે;
ત્યારે કેવી કેવા થાઇરે, પતી કેનો નહીં.

૭૪૪

જોધબા—લે સૂબેરે જીવ અમારો પાપી, નથી બીતા એમ તથાપી;
શીર ગયેરે સત્ય ન જાય કદાપી રેહશે કીરતી તેની વ્યાપી,
ઝુલ—પતીવ્રત ધર્મ અમારોરે, નથી કદી વ્યર્થ થનારોરે
થશે બેલી પ્રભુ અમારોરે, નથી પણ તુ તોરે લેને જીવ આ પાપી નથી

લપટસીંહ કેરબો

માનો માનો મુરખીઓ હજી કઇ માનોરે,
કઇ માનોરે હજી કઇ માનોરે, માનો,
સમજુ થઇને હઠ કરીને શીદ ખુઓછો પ્રાણ,
પ્રીય પતી કહોને મુજને ....

તારાને જોધબા— ..... લે લે-અમારા જાન

સ્વર્ગ થકી વિમાન આવ્યુ છે, જો લેવાને પેલુ.
ઝટ ઝટકો માર તું પાપી .. ..

લપટસીંહ—.........શુ બોલો છો ઘેલું, માનો

બને-પાપી પ્રાણી તુ શુ દેખે, ક્યા છે તારૂ ભાન,
જલ્દી જલ્દી માર અમોને.... .. ..

લપટસીહ—......... .સમરી લ્યો ભગવાન માનો

તારા-ને-જોધબા—ઇશ્વર સ્તુતિ.

સ્હાય થાઓ વેગે ધાઓ, પ્રભુ મારો બચાવો જાન,
આ ક્રુર પાપી, નાખે કાપી જજો એનું ન સતાન,
ધરમિને ઘેર ધાડ આવે છે, એ કહેવત સાચી જગમાં,
અમારૂ પણ એમ થયુ છે, નથી હાલ કેઇ વગમા,
મોક્ષ આપજો માગીએ અમે કષ્ટ કાપજો, પ્રભુજી તમે;

અકળ આપઠો, દિ૦ય બાપ છો, દયા અંતર લાવો
પ્રભુ અમારી કાઇ કાન. રહાયે.

કનકસિંહ ગીત.

કરૂણામય સ્વર આ શો ! નક્કી અહીયા ખુન કોઇનુ થાય,
અજબ ગજબ આ તે શુ ? ખરે જોખમ કેરો સ્વર સભળાય!
હાય હાય જયા સૂધી, હુ આવુ ત્યા સુધી ઇશ બચાવ,
શુરા હે સામતો, પુઠે મારી આવે કરી જમાવ,
સબુર સબુર ઓ પાપી સબુર, મુજ દેખતા તુ કરે છે શુ ક્રુર,
હવે જોય લે દુષ્ટ તારી મજા, આપુ ઘોર કૃત્યની સજા.

લપટસીંહ (ક્ષત્રી કલકનો રાગ)

અલ્યા આ શુ બતાવે તોર, માખીની પેઠે મસળી નાખુરે
જોયુ જોયુ ગપ્ય તારૂ જોર માખીની પેઠે મારી નાખુરે,
બહુ બડાઈમા નહી સાર માખીની૰
એક પળમા પહોચાડુ જમદ્વાર માખીની૰
તારી તરવારે તુરીયા કાપ માખીની૰
આતો સમજજે ખરો ઝેરી સાપ માખીની૰
પાપી પાપી કરી કરે અપમાન માખીની૰
છોડ છોડને તારો ગુમાન માખીની૰
હોય હીમ્મતતો મારી સામો આવ માખીની૰
નહી તો ઘેર જઇ ધાણી ચણા ચાવ્ય માખીની૰

કનકસિંહ–મીથ્યા અભીમાની મારી વને ઠેર કનક કેમ બેશી રહેરે.
આવો જોઇ તારો કાળો કેર, કનક કેમ બેશી રહેરે,
આ અબળાઓ બચાવી આ વાર,

તેને માટે આ પ્રાણ તૈયાર. કનક૦
ક્ષત્રી બાળાઓનુ થતુ જોઇ ખુન કનક૦
પ્રાણ આપવામા ઘણુ પુન્ય કનક૦
કદી છોડુ નહી પાપી તારો છાલ કનક૦
હવે નજીક આવ્યો છે કાળ કનક૦
હે વિશ્વાધાર વંદુ પડી પાય; કનક૦
આવા સમયે કરજો મારી સ્હાય કનક૦

કનકસીંહ—મને બચાવ્યો આ વાર, અગણીત કરી ઉપકાર.

તેનો વાળુ શો આભાર, હે રાજ, આ તાજ,
પેહેરાવુ આણી વ્હાલ તમોને લાલ
હર્ષ ધરી અપાર મનો૦

રતનસીંહ—શરમાવો છો આમ શુ ? હે રાણા શુરવીર;

નીહાળી આ નેત્રથી વહે હર્ષના નીર,
નીર આવે મન ધાર હુ છું તાબેદાર,
સર્વે (પ્રભુ મ્હેર કરો અમ ઉપર એ રાહ.)
ધન્ય દીન આજે થયો છે જય '
પતીવ્રત તણો જય ! જય જય !
કનકસીંહ અને તારા આનંદમય,
પ્રભુ પ્રતાપે સર્વ પામ્યા વીજય ધન્ય
દુષ્ટ દડયા અને થયા નીરભય.
* આનંદે આજે મળ્યાં*જય ! જય ! જય !

ધીરસીંહ—વ્હાલા પુત્ર તુજને નીરખુ પ્રીતથી,

આવીઓ વીજય ડંકાને કુચ ગીતથી
રાજ તાજ છુ પડીગયું ઊમગથી
કરતી શુ [illegible] સાગરી,
રાજુ મહા [illegible] વીજય
[illegible]

વારાંગનાઓ—[illegible] ! [illegible] ! [illegible] નગરજનરે
પાંતા [illegible] ધારે વાહ !
પોતા સાગર [illegible] વધારીરે,
[illegible] લાખેણી [illegible]
ફરી [illegible] અતીશય [illegible] દેખી [illegible] આજેરે,
જેની [illegible] ગાજેરે,
નર નારીઓ નેહે વધાવ્યારે રાગ રાગથી ગવાયારે
જય ! વિજય ! ઘોષ લગાવ્યારે,

સમાપ્ત

राम गीता.

આ નામનો મુળ સહિત ગુજરાતી ટીકા સહિતનો ગ્રંથ અ-
માગ તરફથી બહાર પડેલા છે, તેમા મહાત્મા રામચંદ્રજીએ લક્ષ્મ-
ણજીને ઉપદેશ કરેલો તેનુ વૃતાંત આપેલુ છે

पांडव गीता,

આ ગ્રંથમાં પાંડવોએ શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરી છે.
મુળ સહિત ગુજરાતી ભાષાંતર

रमण अने तारा.

રૂપિયો દહોડ   રૂ. ૧-૮-૦

આ નામની એક સંસારી નવલ કથા જેની અંદર નેકી,
શુધ્ધ પ્રેમનો આમેહુબ ચિતાર આપવા સાથે લોભ અને સ્વાર્થ બુ
ધ્ધિથી આવી પડતી આફતોનુ વર્ણન આપવામા આવ્યુ છે તેમજ
ભાવિ પ્રમાણે ચડતી પડતી આવે છે વીગેરે બાબતનુ વર્ણન કરી
ગૃહસ્થને ઉપયોગી ગ્રંથ બનાવવામા આવેલો છે આ એક ઉત્તમ
પ્રકારનુ નોવેલ છે

कमळागौरीअनेप्रल्हाद.

રૂ. ૦—૧૨—૦   બાર આના

આ નામની એક રસીલી વર્તાની ચોપડી છે, જેમાં માબાપો

નન્હની યોગ્ય પતિ પત્નિનું જોડુ શોધી કહાડી પરણાવવાનો રીવ ૪ થી તેથી થતા દુખનું વિવેચન કરેલુ છે.

જસુરામકૃત રાજનીતિ

કે જે દેવનાગરી ભાષામા પણ બંધ હોવાથી તેનું ગુજરાતી ભાષાંતર જેમા રાજનીતીનુ વગુજ સરળ બ્યાન કરવામા આવ્યુ છે રૂપ રોયલ સોળ પેજી પૃષ્ટ ૧૧૨ છતા કિમત ૦-૬-૦

શ્રી ભગવદ્ગીતા પંચરત્ન.

શ્રીમદ ભગવતગીતા કે જે વેદાંતના ગ્રન્થો પકી સર્વોતમ ગ્રંથ છે " ગીતા સમાન જ્ઞાન નથી" એમ કહેવત છે એમા જરા પણ ખોટું નથી આ પુસ્તકનુ ભાષાન્તર શુધ-સરળ ગુજરાતી ભાષામા એક અનુભવી લેખકના હાથથી લખાવી તૈયાર કરાવેલ છે. મહાભારત જે ઇતિહાસોનો સાગર છે તે પૈકી **ગીતા, વિષ્ણુ સહસ્ત્ર નામ અનુસ્મૃતિ, ગજેંદ્ર મોક્ષ અને ભીષ્મ સ્તવરાજ,** એ પાંચે રત્નોનુ ભાષાન્તર તૈયાર કરાવી છપાઇ ગએલ છે માટે દરેક વૈષ્નવી સપ્રદાયના લોકો તથા વેદાંત જેવા સર્વોતમ વિષયનો સવાદ લેનારા જીજ્ઞાસુઓને આ પુસ્તક ખરીદવા અમારી ખાસ ભલામણ છે આજ પર્યંત જે જે ગુજરાતી ટીકાઓ ગીતાની થએલી છે તે કરતા વધુ ખુબી દર્શાવવામા આવી છે એટલુ અમે ખાત્રીથી કહીએ છીએ કે જે બાબત આમા છે તેવી બીજામા નથી માટે આવી અમુલ્ય તકનો લાભ લેવા ચુકવુ નહી, " સુજ્ઞેષુ કિંબહુના

કિ રૂ. ૧-૦-૦ ટ ખ ૦-૩-૦

પૃથિરાજ ચહુઆણ

ભારત વર્ષના છેલ્લા રજપુત મહારાજ મહાપરાક્રમી અ ખસ પ્રતાપી પૃથિરાજ ચહુઆણનું નામ આર્યોના મનમાં રમી છે, પૃથિરાજ એ શબ્દ શ્રવણેન્દ્રિય ઉપર આવતાં મનુષ્યનું હૃદય હિંમત બને છે ગર્વના અંકુરો સ્ફુરાયમાન થાય છે, મુખમુદ્રા દી બનેછે અને પ્રેમથી એ મહાન નરરત્નની વાર્તા સાંભળવ ત્યેક સમજુ ઉત્સુક થાય છે એ પ્રતાપી પુરૂષના પરાક્રમનાં રાતી ભાષામાં સાક્ષરો તરફથી જો કે ભાષાન્તરો થયા છે: તો પણ જેમ એક કવિ કહી ગયો છે કે—' નવીનમાં મોહ વધે વધારે તદ નુસાર અમોએ મહા પરાક્રમી વીરના અદ્ભુત પરાક્રમો જે અમારા તરફથી પ્રસિદ્ધ થતા વિશ્વ સમુદાયના મનનનું આકર્ષણ કરેલું છે, જેથી વ્યાસના લખ સબંધે અત્રે વિવેચન કરવાની અગત્ય નથી. આ પુસ્તકમાં શૃંગાર, વીર, અને કરૂણા રસ, એવી તો અવર્ણનીય ખુબીથી લખવામાં આવેલ છે કે,—જે માટે અત્રે વિવેચન કરવું નકામું છે. કારણ કે હાથ કંકણને આરસીની જરૂર નથી 'સુજ્ઞે કિંગજુના કિંમત રૂ એક ટપાલ ખર્ચ જુદું'

મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર

ચબ દરવાગ અમદાવાદ